# રાજ્યમાં જીવન આવશ્યક ચીજવસ્તુઓ નાગરિકોને સરળતાથી મળશે : મુખ્યમંત્રી

## નાગરિકોને પુરતી માત્રામાં સરળતાએ દૂધ મળે તે માટે મોટી ડેરી-દૂધ સંઘો પર દૂધની આવક-વિતરણ વ્યવસ્થા પર રાજ્ય સરકાર નિયુકત અધિકારીઓ દેખરેખ રાખશે

ગાંધીનગર, તા. ૨૫

વૈશ્વિક મહામારી કોરોનાનું સંક્રમણ દેશ અને રાજ્યમાં વ્યાપક થતું અટકાવવા ૨૧ દિવસના જાહેર થયેલા લોકડાઉનની સ્થિતીમાં રાજ્યના નાગરિકોને જીવનજરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો બેરોકટોક અને નિયમીત મળતો રહે તેવી જડબેસલાક વ્યવસ્થા રાજ્ય સરકારે સુનિશ્ચિત કરી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતીમાં આ હેતુસર મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ નિર્ણયોની ભુમિકા આપતાં જણાવ્યું કે રાજ્યમાં સૌ નાગરિકોને દૂધ, શાકભાજી, ફળફળાદિ, અનાજ, કરિયાણું સુચારૂ રીતે હાલ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ રહ્યું છે.

આ વ્યવસ્થા જળવાઈ રહે અને દૂધ વિતરણમાં કે શાકભાજી ફળફળાદિના પુરવઠામાં વિપરીત અસર ન પડે તે માટે રાજ્યના બનાસડેરી, સુમુલ, સાબર, પંચમહાલ અમૂલ ડેરી સહિત ૧૮ જેટલા મોટા દૂધ સંઘો પર દૂધની આવક અને વિતરણ વ્યવસ્થા પર દેખરેખ અને સંકલન માટે રાજ્ય સરકારના અધિકારીની નિયુકિત કરવામાં આવશે.

તેમણે આ સંદર્ભમાં વધુ વિગતો આપતાં ઉમેર્યુ કે રાજ્યમાં દૈનિક ૩ કરોડ લીટર દૂધની આવક છે અને અંદાજે ૫૫ લાખ લીટર દૂધના પાઉચ વિતરણ થાય છે. રાજ્યમાં આવેલા દુધ પાર્લર પરથી આ વિતરણ વ્યવસ્થા નિયમીત ચાલતી રહેશે અને આવનારા દિવસોમાં દૂધનો પુરવઠો પર્યાપ્ત



માત્રામાં મળતો રહેશે.

અશ્વિનીકુમારે કહ્યું કે ગુજરાતમાં દૈનિક ૫૩ હજાર કવીન્ટલથી વધુ શાકભાજીની આવક રહે છે. તેમાં મુખ્યત્વે લીલા શાકભાજી, બટાકા, ડુંગળી અને ટામેટાનો જથ્થો હોય છે. આ શાકભાજી તેમજ ચૈત્રી નવરાત્રિના શરૂ થયેલા પર્વમાં ઉપવાસ વ્રત કરનારાઓ માટે ફળફળાદિ સરળતાએ મળે તે માટે રાજ્યની ૭૫ જેટલી એપીએમસીમાં સહકાર વિભાગના સચિવની આગેવાનીમાં અધિકારીઓ દેખરેખ રાખશે.

બટેટા અને ડુંગળી જેવા શાકભાજી માટે કોલ્ડ સ્ટોરેજ વ્યવસ્થાનું પણ યોગ્ય સંકલ્ન કરાશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે ગુજરાતમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા પડોશી રાજ્યોમાંથી પણ શાકભાજીનો જથ્થો આવે છે. આ જથ્થો પણ નિયમિત આવતો રહે, તે લઈને મુખ્યમંત્રીએ રાજ્યના મુખ્ય સચિવને જે તે સંબંધિત રાજ્યના મુખ્ય સચિવ સાથે સંપર્કમાં રહીને વ્યવસ્થા જળવાય તેની સૂચનાઓ આપી છે.

આવા શાકભાજી, ફળફળાદિ રાજ્યમાં નગરો-શહેરો-ગામોમાં લઈ જતા વાહનો-આવનારા વાહતુક વાહનોને કોઈ સમસ્યા ન નડે તે માટે ફેરિયાઓને પણ કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્યના પોલીસ મહાનિદેશક સાથે સંકલન સાધવામાં આવશે તેની વિગતો અશ્વિનીકુમારે આપી હતી.

મુખ્યમંત્રીએ અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય ખેડૂતોના વ્યાપક હિતમાં કર્યો છે તેની વિગતો પણ અશ્વિનીકુમારે આપી હતી.

આ અંગે તેમણે કહ્યું કે રાજ્યના ધરતીપુત્રોએ પોતાના પાક માટે લીધેલું ટુંકી મુદતનું ધિરાણ તા.૩૧ માર્ચ-૨૦૨૦ સુધી પરત કરવાનું હોય છે. પ્રવર્તમાન કોરોના વાયરસની સ્થિતીમાં આ પરત ચુકવણી સમયમર્યાદા બે થી ત્રણ માસ લંબાવવા રાજ્ય સરકાર ભારત સરકારને ગુજરાતે રજુઆત અને વિનંતી કરી છે. આ વધારાના સમયગાળા માટેની વ્યાજ રાહત પણ રાજ્ય સરકાર ખેડૂતોને આપશે.

મુખ્યમંત્રી પ્રવર્તમાન પરિસ્થિતીમાં સૌ કોઈ નાગરિકોને જીવન આવશ્યક પુરવઠામાં ઘઉનો લોટ, ચણાનો લોટ સહિત અન્ય લોટ-આટો પણ સરળતાએ મળે તે માટે રાજ્યના મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને વનબંધુ વિસ્તાર દાહોદના ફલોર મિલ્સ એસોસિયેશનો સાથે વિડીયો કોન્ફરન્સ કરવાના છે તેમ પણ મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું હતું.

અશ્વિનીકુમારે સ્પષ્ટપણે જણાવ્યું કે રાજ્યમાં કોઈ પણ સ્થળે જીવન આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા કે વિતરણની કમી ન સર્જાય તેવી સંપૂર્ણ વ્યવસ્થા મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં સુનિશ્ચિત કરવામાં આવી છે.



લોકડાઉન હોવા છતાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ બજારોમાં મળી રહી છે. દૂધ, શાકભાજી, કરીયાણું અને ફ્રૂટ પુરતા પ્રમાણમાં મળી રહ્યાં છે. ત્રણ અઠવાડિયા સુધી આ જ પરિસ્થિતિ રહેવાની હોઈ લોકો માનસિક રીતે લોકડાઉનને સ્વીકારી રહ્યા છે.

### રાજ્યના ૬૦ લાખ પરિવારોના સવા ત્રણ કરોડ જેટલા અંત્યોદયને

# એપ્રિલ મહિનામાં વિનામૂલ્યે એક માસનું રાશન અપાશે

**વ્યકિત દિઠ ૩.૫૦ કિલો ઘઉં-૧.૫૦ કિલો ચોખા-કાર્ડ દિઠ ૧ કિલો ખાંડ-મીઠું દાળ રાજ્ય સરકાર માન્ય સસ્તા અનાજ દુકાનો પરથી વિતરણ થશે**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતીમાં સમગ્ર દેશમાં ૨૧ દિવસના જાહેર કરેલા લોકડાઉનના પગલે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં શ્રમજીવી વર્ગો અને રોજનું કમાઈને રોજ ખાનારા અને જીવનનિર્વાહ કરનારા પરિવારો પ્રત્યે સંવેદના દાખવી એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આવા કારીગરો, ગરીબ, શ્રમજીવીઓના કુલ ૬૦ લાખ જેટલા પરિવારોના ૩.૨૫ કરોડ લોકોને આ લોકડાઉન દરમિયાન ખાવા-પીવાની ચીજવસ્તુ અને અનાજની કોઈ તકલીફ ન પડે તે માટે આ રેશનકાર્ડ ધારક પરિવારોને ૧ એપ્રિલથી એક મહિના માટે સમગ્ર રાજ્યની સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન પરથી વ્યકિત દીઠ ૩.૫૦ કિલો ઘઉં, વ્યકિત દીઠ ૧.૫૦ કિલો ચોખા અને કુટુંબ દીઠ ૧ કિલો ખાંડ, ૧ કિલો દાળ અને ૧ કિલો મીઠું વિનામૂલ્યે અપાશે.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે કોરોના વાયરસના સંક્રમણથી નાગરિકોને બચાવવા લોકડાઉનની જાહેરાત પ્રધાનમંત્રીએ કરી છે તે સ્થિતીમાં આવા નાના અને ગરીબ પરિવારોને કોઈ જીવનનિર્વાહમાં મુશ્કેલી ન પડે તે માટેની સંવેદના સાથે રાજ્ય સરકારે ચિંતા કરીને આ મહત્વનો નિર્ણય કર્યો છે.

જીવન આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠામાં કે અન્ય કોઈ પણ આવશ્યક સેવાઓમાં ભવિષ્યમાં પણ કોઈ તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકાર પૂરી ગંભીરતાથી આયોજન કરી રહી છે એમ પણ તેમણે જણાવ્યું છે.

વિજયભાઈ રૂપાણીએ સૌ નાગરિક ભાઈ-બહેનોને ફરી એકવાર અપિલ કરી કે આ ૨૧ દિવસ દરમિયાન સૌ ઘરમાં જ રહે, બહાર ભેગા ન થાય, આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો રાજ્યમાં પુરતી માત્રમાં છે એટલે તેનો સંગ્રહ કરવા કે આવી ચીજવસ્તુઓ મળશે નહિ તેવો ડર રાખવાની પણ કોઈ જરૂર નથી.

# વિવિધ સેકટરોમાં દવા અને કિરાણાની દુકાનો પોલીસે ખોલાવી

ગાંધીનગર શહેર સહિત સમગ્ર રાજયમાં કોરોના વાયરસના કારણે લોકડાઉન કરવામાં આવ્યું છે. આ લોકડાઉનમાં જીવન જરૂરિયાતનો સામાન વેચતી દુકાનોને આજે નગરજનોને તકલીફ ન પડે તે માટે જિલ્લા પોલીસ તંત્રએ ટેલિફોનિક અને રૂબરૂ સંપર્ક કરીને ખુલી કરાવી છે, તેવું ગાંધીનગર જિલ્લા પોલીસના ડી.વાય.એસ.પી. શ્રી રાણાએ જણાવ્યું છે.

ડી.વાય.એસ.પી. શ્રી રાણાએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસના કારણે સમગ્ર ગાંધીનગર શહેર સહિત જિલ્લો લોકડાઉન કરવામાં આવ્યો છે. પરંતુ ગાંધીનગર શહેરના સેકટરોમાં આવેલી માઈક્રો શોપીંગ અને અન્ય શોપીંગ સેન્ટરમાં કિરાણા, દૂધ અને દવાનો વેહપાર કરતાં દુકાન ચાલકોએ પોતાની દુકાન બંધ રાખી હતી. આ અંગેની જાણ અમને થતાં અમોએ વ્યક્તિગત તેમની ટેલિફોનિક અને રૂબરૂ મુલાકાત મે પોતે તથા અમારા પોલીસ તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ પાસે કરાવી હતી. તેમને લોક ડાઉન જાહેરનામા વિશે સમજ આપી હતી.

આ દરમ્યાન એવું માલૂમ પડયું હતુ કે, મોટા ભાગના દુકાન ચાલક લોક ડાઉનના જાહેરનામા વિશેની સમજનો અભાવ હતો. તે દૂર કરીને કિરાણા, દૂધ અને દવા જેવી જરૂરિયાત ચીજ વસ્તુઓનો વેપાર કરતાં વેપારીઓને દુકાન કેમ ખુલ્લી રાખવી તેની જાણકારી આપી હતી. તેમજ માલ ખરીદવામાં ભીડ થાય તો લોકોને એક ફૂટથી વધુ અંતરના રાખી લાઈનમાં ચીજ વસ્તુઓ આપવા માટે પણ સમજ આપી હતી. માસ્ક પહેરી વેપાર કરવા પણ જણાવ્યું હતું. અમુક વેપારીઓને માલ લેવા જઈ તો પોલીસ પકડી લેશે, તેવો ભય હતો, તેમને આમ પોલીસ નહિ કરે તેવું જણાવ્યું હતું.

જાહેરનામા મુજબ દૂધ, કિરાણા અને દવાની દુકાનનો માલિક માલ કે દુકાન ખુલ્લી હોય ત્યારે કોઈ તકલીફ પડે તો તેમના મોબાઈલ નંબર – ૯૮૨૫૪ ૫૪૧૫૬ પર સંપર્ક કરવા જણાવ્યું હતું. આવા સમય યોગ્ય ખાત્રી કરીને વેપારીને અડચણ ન પડે તેવી કાર્યવાહી કરવામાં આવશે.

તે ઉપરાંત ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા માઈકમાં ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં દૂધ, કિરાણા અને દવાનો જથ્થો પૂરતા પ્રમાણમાં અને નિયમિત રીતે મળી રેહશે. તેવી સતત માહિતી આપવા પોલીસ વાનમાં ફરીને માઈકમાં શેરી એ શેરીએ, સોસાયટી સોસાયટીએ અને સેકટર સેકટરે ફરી જાહેરાત કરી હતી. લોકોને પોતાના ઘરમાં રહેવા અને બિન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓનો સ્ટોક ન કરવા પણ અનુરોધ કર્યો હતો.



કોરોનાના કહેર વચ્ચે વધુ એક આકાશી આફત આવી છે. ખેડૂતોની જણસ હજુ વેચાયા વગર પડી રહી છે ત્યાં જ કમોસમી વરસાદે ખેડૂતોને ચિંતામાં મુકી દીધા છે. માર્કેટયાર્ડ બંધ જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોને કમોસમી વરસાદનો માર સહન કરવો પડી રહ્યો છે.

# શહેરના મુખ્ય માર્ગો પર ફાયર ટીમ દ્વારા દવાનો છંટકાવ કરાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં પણ કોરોના વાયરસના પોઝીટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. તે ઉપરાંત અન્ય નાગરીકો કોરેન્ટાઈલ છે. કોરોના વાયરસ વધુ ફેલાય નહી તે માટે તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. લોકડાઉનમાં નગરજનો ઘરમાં બેસીને સમય પસાર કરી રહ્યા છે. ત્યારે મેલેરીયા અધિકારીની સુચના મુજબ ચીફ ફાયર ઓફિસર મહેશ મોડના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને સર્કલો પર દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જેમાં શહેરના સેકટરોના રહેણાંક વિસ્તાર, મુખ્ય બજારો, મંદિરો તેમજ સરકારી કચેરી સહિત ખ, ગ, ઘ, ચ, માર્ગનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી વિવિધ જાહેર સ્થળો પર દવાના છંટકાવની કામગીરી ચાલી રહી છે. ત્યારે આજે ફાયરના વાહનો દ્વારા ટીમના સભ્યો દ્વારા પોલીસ ભવન, સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો, આંકડા શાસ્ત્ર ભવન, ગુજરાત મ્યુનિ.ફાઈનાન્સ બોર્ડ, સે-૨૪ મંદિર, શોંપીગ સેન્ટર, ઈન્દીરાનગર એરીયા અને જાહેર સ્થળ, ડીએસપી કચેરી તમામ શાખા, સે-૨૬ મંદિરો, જાહેર સ્થળો અને શોંપીગ સેન્ટર, સહિત શહેરના મુખ્ય ગણાતા ખ, ગ ઘ અને ચ માર્ગ પર ચ-૦ થી લઈને ચ-૭ સુધીના તમામ માર્ગો પર દવાનો છંટકાવ કરીને વાયરસ ના ફેલાય તે માટે તંત્ર દ્વારા કામગીરી ચાલી રહી છે. તમામ સ્થળો પર છંટકાવ કરવા માટે હજ્જારો લીટર મિશ્રણ સહિત સેનેટાઈઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આગામી સમયમાં પણ શહેરના વિવિધ સ્થળોએ સેનેટાઈઝેશનની કામગીરીની પ્રકિયા ચાલુ રાખવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે લોકડાઉન એલાનનો અસરકારક અમલ થયો હતો.
- જિલ્લા પંચાયતમાં આરોગ્ય સિવાયની લગભગ તમામ કચેરીઓ બંધ રહી હતી.
- લોકડાઉનને પગલે ૩૧મી માર્ચને લઈ નાણાંકીય કામગીરી ખોરંભે પડી જવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં કરિયાણાની દુકાનો આજે બંધ રહેતાં ઘણા વસાહતીઓ પરેશાન થયા હતા તેમજ દૂધ જેવી વસ્તુઓ સેવા માટે પણ મધુર પાર્લર સુધી જવાની લોકોને ફરજ પડી હતી. ગઈકાલે મનપા તંત્રએ આ વ્યવસ્થા તંત્ર દ્વારા કરાશે તેવી મોટે ઉપાડે જાહેરાત કરી હતી પરંતુ તંત્ર આ વ્યવસ્થા કરી શક્યુ ન હતુ.
- પશુધન માટે ખાણદાણના ભાવ વધી જતાં પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતોનો નવો પ્રશ્ન ઉભો થયો છે.
- સચિવાલય સંકુલમાં લોકડાઉનને પગલે મોટાભાગની કચેરીઓ બંધ જોવા મળતી હતી.

### વડાપ્રધાનના લોકડાઉનના આહવાનમાં લોકોને સક્રીય રીતે જોડાવા રાજ્યપાલશ્રીની અપીલ

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે કોરોનાની મહામારી સામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ત્રણ સપ્તાહના સંપૂર્ણ લોકડાઉનના આહવાનમાં ગુજરાતના નાગરિકો સક્રીય રીતે જોડાય તે માટે અપીલ કરી છે.

રાજ્યાલશ્રીએ આગામી ત્રણ સપ્તાહ સુધી સંપૂર્ણ લોકડાઉનનો નાગરિકો મજબૂતીથી અને નિષ્ઠાપૂર્વક અમલ કરે અને ઘરમાં જ રહે તેમ ભારપૂર્વક જણાવી ઉમેર્યુ હતુ કે લોકડાઉન દરમિયાન જીવનજરૂરી આવશ્યક ચીજવસ્તુઓ, શાકભાજી, દવા વગેરે ઉપલબ્ધ રહેશે ત્યારે આવી વસ્તુઓ ખરીદતી વખતે નાગરિકો એકબીજાથી પૂરતું અંતર જાળવે અને ભીડથી બચે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે કોરોના વાયરસ સામેની લડતમાં સોશિયલ ડિસ્ટન્સીંગ સૌથી કારગત ઉપાય છે જેનો નાગરિકો સખતાઈથી અમલ કરે.

# આદિવાડામાં ચા ની કિટલી ખુલ્લી રાખનાર શખ્સ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર જિલ્લામાં લોકડાઉનના આદેશ વચ્ચે ચા ની કિટલી ખુલ્લી રાખનાર શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ઘ-૭ થી ક-૭ તરફ જતા માર્ગ પર આદિવાડા ગામ પાસે મુખ્ય માર્ગ પર ચા ની કીટલી ખુલ્લી હતી. લોકડાઉનમાં આવશ્યક ચીજવસ્તુઓ સિવાય અન્ય વેપાર-ધંધા પર પ્રતિબંધ છે. ત્યારે આદિવાડા ખાતે ચા ની કિટલી ચાલી રહી હતી.


આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

**રાજ્યના ૬૦ લાખ ગરીબ પરિવારોના સવા ત્રણ કરોડ લોકોને ઘઉં, ચોખા, દાળ, ખાંડ, તથા મીઠું વિના મૂલ્યે અપાશે**



૨૧ દિવસ દરમ્યાન જનતા ઘરની બહાર ન નીકળે: મુખ્યમંત્રીશ્રી

જનતાને તકલીફ વગર જીવનજરૂરી ચીજવસ્તુઓ પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં જડબેસલાક આયોજન

**સંવેદનશીલ ગુજરાત સરકારનો કિસાનોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય**

રાજ્યના કિસાનોએ લીધેલા ટૂંકા ગાળાના ધિરાણ પરત કરવાનો સમયગાળો ૩૧ માર્ચથી વધુ ત્રણ માસ લંબાવવા ભારત સરકારમાં રજૂઆત, આ વધારાના સમયગાળા માટે રાજ્ય સરકાર ખેડૂતોને વ્યાજમાં રાહત આપશે

ગરીબ પરિવારોને એપ્રિલ માસમાં વ્યક્તિદિઠ ૩.૫૦ કિ.ગ્રા. ઘઉં, ૧.૫૦ કિ.ગ્રા. ચોખા તથા કુટુંબ દિઠ ૧ કિ.ગ્રા. ખાંડ તથા દાળ અને મીઠું સસ્તા અનાજની દુકાનો પરથી વિના મૂલ્યે આપવામાં આવશે

નાગરિકોને પુરતી માત્રામાં સરળતાથી દૂધ મળી રહે તે માટે ડેરી-દૂધ સંઘો પર દૂધની આવક-વિતરણ વ્યવસ્થા પર રાજ્ય સરકારના અધિકારીઓ દેખરેખ રાખશે

અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવતા શાકભાજી, ફળ-ફળાદિનો પુરવઠો જાળવવા મુખ્યમંત્રીશ્રીનો દિશા નિર્દેશ

નાગરિકોને શાકભાજી, ફળ-ફળાદિની અવિરત ઉપલબ્ધિ માટે ૭૫ APMCમાં સહકાર સચિવની આગેવાનીમાં દેખરેખ રખાશે

આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો રાજ્યમાં પુરતા પ્રમાણમાં છે એટલે તેનો સંગ્રહ કરવા કે આવી ચીજવસ્તુઓ મળશે નહીં તેવો કોઈએ ડર રાખવાની જરૂર નથી -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત